દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ.૦૨ તા.૦૬.૦૯.૨૦૨૫

**ભાસ્કર એક્સક્લુસિવ** કોબા ગામ, જૂના કોબા સ્ટેશનનું કામ પૂરું, દિવાળી પહેલાં ખુલ્લાં મૂકાશે

# APMC-સચિવાલય વચ્ચે 2 નવાં મેટ્રો સ્ટેશન શરૂ થશે, ડિસેમ્બર સુધી અક્ષરધામ, મહાત્મા મંદિર સીધાં જોડાશે

ઓમકારસિંહ ઠાકુર | અમદાવાદ

મેટ્રો ટ્રેન ડિસેમ્બરના અંત સુધીમાં એપીએમસીથી સીધી અક્ષરધામ અને મહાત્મા મંદિર સુધી જશે. હાલ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન ફેઝ-2માં મોટેરાથી સચિવાલય અને સેક્ટર 10 સુધી મેટ્રો ટ્રેન દોડાવી રહી છે. જોકે સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના પાંચ કિલોમીટરના રૂટ પર આવતાં અક્ષરધામ, જૂના સચિવાલય જેવાં સ્ટેશનોનું કામ કામ અંતિમ તબક્કામાં છે, જે પૂર્ણ થવામાં છે. ડિસેમ્બરના અંત સુધીમાં કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા નિરીક્ષણ કરાયા બાદ સેફ્ટી ક્લીયરન્સ મળે તેવી શક્યતા છે. આ ક્લીયરન્સ મળતા મેટ્રોનું સંચાલન મહાત્મા મંદિર સુધી શરૂ કરી દેવાશે.

બીજી તરફ મોટેરાથી સચિવાલય સુધીના રૂટમાં આવતા જૂના કોબા અને કોબા ગામ સ્ટેશન પણ તૈયાર થઈ ગયા છે અને તે દિવાળી પહેલાં શરૂ થઈ શકે છે. થોડા મહિના પહેલાં મોટેરાથી સેક્ટર-1 સુધીનો રૂટ શરૂ કરાયો હતો, પરંતુ જૂના કોબા અને કોબા ગામ સ્ટેશનનું કામ બાકી હોવાથી તે સ્ટેશનો બંધ હતાં. જીએમઆરસીની ભલામણ મુજબ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટીએ તાજેતરમાં બંને સ્ટેશનનું નિરીક્ષણ કર્યું છે અને આગામી દિવસોમાં બંને સ્ટેશનોને સેફ્ટી ક્લીયરન્સ મળ્યા બાદ દિવાળી પહેલાં ખુલ્લા મુકાય તેવી શક્યતા છે. અમદાવાદ ગાંધીનગર વચ્ચે મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ અપડાઉન કરતા હોવાથી મેટ્રો ટ્રેન વધુ લોકોને ફાયદો કરાવશે.

**આ સ્ટેશનો શરૂ થશે**

- અક્ષરધામ
- જૂના સચિવાલય
- સેક્ટર 16
- સેક્ટર 24
- મહાત્મા મંદિર




કોબા ગામ, જૂના કોબા સ્ટેશનનું ટૂંક સમયમાં નિરીક્ષણ કરવામાં આવશે.

## સચિવાલયથી મહાત્મા મંદિર વચ્ચેના રૂટનું બ્યુટિફિકેશન કરાશે

સચિવાલય મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર સુધીના પાંચ કિલોમીટરના રૂટ પર રસ્તાની બંને તરફ બ્યુટિફિકેશન કરવામાં આવી રહ્યું છે. આ પાંચ કિલોમીટરના રૂટ પર બંને તરફ ફેન્સિંગથી કવર કરીને વિવિધ ફૂલછોડ અને ડેકોરેટિવ પ્લાન્ટ્સ રોપવામાં આવશે.. આ સાથે લેન્ડ સ્કેપિંગ પણ કરવામાં આવશે. ડિસેમ્બરમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડતી થાય તે પહેલાં આ કામ પૂરું કરવામાં આવશે. આ રૂટ પરથી પસાર થતી વખતે મુસાફરો નયનરમ્ય દૃશ્યો જોઈ શકશે.

**મારા કામની વાત**

- કોબામાં પીટીસી કોલેજ, રિસર્ચ સેન્ટર, ધ્યાન કેન્દ્ર જેવાં મહત્ત્વનાં સ્થળો છે, જેથી અમદાવાદથી જનારાને મેટ્રોનો વિકલ્પ મળશે.
- કોબા અને જૂના કોબાના લોકોને હાલ મેટ્રો પકડવી હોય તો એક કિમી દૂર કોબા સર્કલ મેટ્રો સ્ટેશને જવું પડતું હતું, જે જવું નહિ પડે.
- અક્ષરધામ માટે ઓછા ભાડે ઓછા સમયમાં પહોંચી શકશે.
- મહાત્મા મંદિર સુધી મેટ્રો શરૂ થતા ગાંધીનગર રેલવે સ્ટેશન જનારા-આવનારાને વધુ એક વિકલ્પ મળશે.
- અમદાવાદથી કોઈએ ગાંધીનગર રેલવે સ્ટેશન જવું હોય તો રિક્ષા કેબમાં રૂ. 500થી રૂ.800 સુધી ભાડું થતું હતું. મેટ્રોમાં રૂ.40માં રેલવે સ્ટેશન પહોંચી શકાશે.